B.Ed. (CBCS) (Two years)

I[st] Semester Examination 2017

UE01CBD202: Psychology of Childhood and Growing up

Date: 09/10/2017 — Time: 10.00 am To 01.00 pm

Day: Monday — Marks : 70

---

સૂચના: (૧) બધા જ સામાન્ય પ્રશ્નો લખવા ફરજિયાત છે.

(૨) સામાન્ય પ્રશ્નોમાં પેટા પ્રશ્નો આંતરિક વિકલ્પમાં જ છે.

(૩) દરેક સામાન્ય પ્રશ્નોના અપેક્ષિત પ્રશ્નોના ઉત્તરો સાથે-સાથે જ લખો.

(૪) જમણી બાજુ કૌંસમાં દર્શાવેલ અંક પ્રશ્નનો ગુણભાર દર્શાવે છે.

---

પ્રશ્ન-૧ નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (૦૮)

(૧) વૃદ્ધિ અને વિકાસનો અર્થ રજૂ કરો.

(૨) તરુણાવસ્થાનાં લક્ષણોની યાદી બનાવો.

(૩) શાળાઓમાં જાતીય શિક્ષણની જરૂરિયાત જણાવો.

(૪) બાળકના સામાજિક વિકાસની સંકલ્પના સ્પષ્ટ કરો.

(૫) બાળકના માનસિક વિકાસની કોઈ એક અધિકૃત વ્યાખ્યા આપી સમજાવો.

પ્રશ્ન-૨ નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈ પણ એકનો માગ્યા મુજબ ઉત્તર લખો. (૧૦)

(૧) 'સંવેગ એ પ્રેરણાનું કેન્દ્રીય, અનિવાર્ય અને અપરિવર્તનશીલ પાસું છે.'- પ્રસ્તુત વિધાન નીચેના મુદ્દાઓ સંદર્ભે સ્પષ્ટ કરો.

- સાંવેગિક વિકાસની સંકલ્પના
- સાંવેગિક વિકાસ પર અસર કરતાં પરિબળો

(૨) 'બાળ મનોવિજ્ઞાન એ બાળ વિકાસના તબક્કાઓનું વિશ્લેષણ કરી બાળકના વર્તન અંગેના સામાન્ય નિયમો રજૂ કરે છે.'- આ વિધાનને કેન્દ્રમાં રાખી નીચેના મુદ્દાઓ અંગે નોંધ તૈયાર કરો.

- બાળ મનોવિજ્ઞાનની સંકલ્પના
- બાળ મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર

પ્રશ્ન-૩ નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (૦૯)

(૧) બાળકની શિશુ અવસ્થા અને બાલ્યાવસ્થાનાં લક્ષણો વચ્ચેની ભિન્નતા તારવો.

(૨) તરુણાવસ્થાના શૈક્ષણિક ફલિતાર્થો રજૂ કરો.

(૩) બાળકના સૌંદર્યામૂલક વિકાસ પર અસર કરતાં પરિબળો ટૂંકમાં સમજાવો.

(૪) બાળકના માનસિક વિકાસમાં શાળાની ભૂમિકાનો નિર્દેશ કરો.

(PTO)